# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref No. PN 2024-25/064 Dt. 22/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા A Gateway to New Markets વિષે કાર્યક્રમ યોજાયો

**બાંગ્લાદેશની હાલની પરિસ્થિતિને પગલે સુરતના ઉદ્યોગકારોને ઇન્ડોનેશિયા, બેલારૂસ, માલ્ટા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો તથા નેપાળ સહિતના દેશોમાં કાપડના એક્ષ્પોર્ટ માટે વિશાળ તકો ઉભી થઇ છે, જેનો લાભ ઉદ્યોગકારોએ લેવો જોઇએ : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

**સુરતના ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોને ઇન્ડોનેશિયા, નેપાળ, બેલારૂસ, માલ્ટા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગોમાં એક્ષ્પોર્ટ અંગેની વિશાળ તકો વિષે વિસ્તૃત જાણકારી અપાઇ**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'A Gateway to New Markets' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે Atlantico International શ્રી અમિત મુલાણી અને શ્રી પરેશ ભટ્ટે ઉદ્યોગ સાહસિકો તેમજ એક્ષ્પોર્ટરોને સુરતથી પાંચ દેશો જેવા કે બેલારૂસ, માલ્ટા, ઇન્ડોનેશિયા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો તેમજ નેપાળ સાથે આપણા ઉદ્યોગ – ધંધાઓની ક્ષિતિજોને વિસ્તારવા માટે કઇ દિશામાં પ્રયાસ કરવાની જરૂરિયાત છે તેના વિષે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, બેલારુસ ખાતે ભારત ફાર્માસ્યુટિકલ્સ, મશીનરી અને કાપડનું એક્ષ્પોર્ટ કરે છે. ભારતથી માલ્ટામાં મુખ્ય ભારતીય પ્રોડક્ટના એક્ષ્પોર્ટમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ અને મશીનરીનો સમાવેશ થાય છે. ઇન્ડોનેશિયા ખાતે ભારતથી કાપડ, ફાર્માસ્યુટિકલ્સ અને મશીનરી એક્ષ્પોર્ટ થાય છે. જ્યારે મશીનરી, ફાર્માસ્યુટિકલ્સ અને કાપડના એક્ષ્પોર્ટ સાથે ભારત ઘાનાના સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનુ એક છે, જેમાં ૧.૭ બિલિયન યુએસ ડોલરનો વેપાર છે.

ભારત તથા ત્રિનિદાદ અને ટોબેગો વચ્ચેનો વેપાર વાર્ષિક ૧૫૦ મિલિયન યુએસ ડોલરની આસપાસ છે અને તે મુખ્યત્વે કેમિકલ્સ, ટેક્ષ્ટાઇલ્સ અને મશીનરી પર કેન્દ્રિત છે. નેપાળ એ ભારતના સૌથી નજીકના વેપારી ભાગીદારોમાંનો એક દેશ છે, જેમાં ગુડ્સ અને સર્વિસિસનું સ્ટ્રોન્ગ એકસચેન્જ થાય છે. નેપાળ સાથેનો ભારતનો વેપાર વર્ષ ૨૦૨૩માં લગભગ ૯ બિલિયન યુએસ ડોલર જેટલો રહયો હતો. ભારત નેપાળથી કૃષિ ઉત્પાદનો અને હસ્તકલાની આયાત કરે છે અને બદલામાં નેપાળમાં પેટ્રોલિયમ ઉત્પાદનો, મશીનરી અને ટેક્ષ્ટાઇલ્સનું એક્ષ્પોર્ટ કરે છે.

ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, બાંગ્લાદેશની હાલની પરિસ્થિતિને પગલે વિશ્વના વિવિધ દેશોમાં બાંગ્લાદેશ ખાતેથી થતા એક્ષ્પોર્ટમાં મુશ્કેલી ઉભી થઇ છે ત્યારે બાંગ્લાદેશ ખાતે સુરતથી કાપડ મોકલતા ઉદ્યોગકારો માટે ઇન્ડોનેશિયા, બેલારૂસ, માલ્ટા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો અને નેપાળ સહિતના દેશોમાં કાપડના એક્ષ્પોર્ટ માટેના દરવાજા ખૂલ્યા છે, જેનો લાભ લઇ સુરતના ઉદ્યોગકારોએ વિવિધ દેશોમાં કાપડનું એક્ષ્પોર્ટ કરવું જોઇએ.

શ્રી અમિત મુલાણીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે ભારતે નેપાળ ખાતે રૂપિયા ૫૭ હજાર કરોડનું એક્ષ્પોર્ટ કર્યું હતું. જ્યારે ઇન્ડોનેશિયામાં ગત વર્ષે ભારતે રૂપિયા ૪૯,૫૧૫ કરોડનું એક્ષ્પોર્ટ કર્યું હતું. ઇન્ડોનેશિયા ખાતે વર્ષ ૨૦૧૯–૨૦થી લઇ ૨૦૨૩ સુધી એક્ષ્પોર્ટમાં સતત વધારો થયો છે. ઇન્ડોનેશિયાથી ભારતમાં રૂપિયા ૫૩૦૦ કરોડની આયાત થઇ હતી, આથી અન્ય દેશોની તુલનામાં ઇન્ડોનેશિયા ખાતે ભારતનું એક્ષ્પોર્ટ વધારે છે. ભારતના એક્ષ્પોર્ટ રેન્કમાં ઇન્ડોનેશિયાનો ૧૬મો નંબર આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, ઇન્ડોનેશિયાની ભારત સહિતના વિવિધ દેશોમાંથી કુલ આયાત રૂપિયા ૧૮,૧૮,૨૬૫ કરોડની છે, જેની સામે ભારત માત્ર રૂપિયા ૪૯ હજાર કરોડનું એક્ષ્પોર્ટ કરે છે. એટલે કે ભારતનું ઇન્ડોનેશિયાની આયાતમાં ૨.૭૨ ટકાનું યોગદાન છે, આથી ભારતની પાસે ઇન્ડોનેશિયામાં એક્ષ્પોર્ટ માટે ખૂબ જ વિશાળ તકો રહેલી છે.

તેમણે ઉદ્યોગ સાહસિકોને ઇન્ડોનેશિયામાં થતા એક્ષ્પોર્ટમાં પોઝીટીવ ગ્રોથ કોમોડિટીઝની વાત કરી હતી. ગત વર્ષે ૧૦૦ ટકાથી વધારે પોઝીટીવ ગ્રોથ કોમોડિટીઝમાં ભારતથી એક્ષ્પોર્ટ થયેલી ૧૦ પ્રોડકટ હતી. ૫૦ ટકાથી વધારે પોઝીટીવ ગ્રોથ કોમોડિટીઝમાં ૧૧ પ્રોડકટ હતી. જ્યારે ૧૦ ટકાથી વધારે પોઝીટીવ ગ્રોથમાં ૨૦ પ્રોડકટ હતી. એટલે કે ઇન્ડોનેશિયામાં ભારતથી થતા એક્ષ્પોર્ટમાં પોઝીટીવ ગ્રોથ જે પ્રોડકટમાં મળ્યો હોય એવી કુલ ૫૦થી વધુ પ્રોડકટ હતી.

શ્રી અમિત મુલાણીએ હાઇએસ્ટ એક્ષ્પોર્ટ કોમોડિટીઝ વિષે જાણકારી આપતા જણાવ્યું હતું કે, ઇન્ડોનેશિયા ખાતે ભારતે બીજા નંબરે હાઇએસ્ટ કોમોડિટીઝમાં રૂપિયા ૫૨૦૦ કરોડના વ્હીકલ તથા અન્ય પાર્ટ્સનું એક્ષ્પોર્ટ કર્યું હતું. જ્યારે ત્રીજા નંબરે રૂપિયા ૪૭૦૦ કરોડની શીપ પ્રોડકટનું એક્ષ્પોર્ટ કર્યું હતું. ત્યારબાદ રૂપિયા ૨૬૦૦ કરોડની ઓર્ગેનિક કેમિકલ પ્રોડકટનું એક્ષ્પોર્ટ કર્યું હતું. વધુમાં, તેમણે ઇન્ડોનેશિયા ઉપરાંત નેપાળ, બેલારૂસ, માલ્ટા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો જેવા દેશો કુલ કેટલી આયાત કરે છે અને તેની સામે ભારત કેટલું એક્ષ્પોર્ટ કરે છે તથા ભારત પાસે એક્ષ્પોર્ટની રહેલી તકો વિશે સુરતના એક્ષ્પોર્ટરોને વિસ્તૃત જાણકારી આપી હતી.

શ્રી પરેશ ભટ્ટે ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોને પાંચ દેશો બેલારૂસ, માલ્ટા, ઇન્ડોનેશિયા, ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો તેમજ નેપાળ સાથે ભારતનો દ્વિપક્ષીય વેપાર, પાંચેય દેશોની જીઓ પોલિટીકલ કન્ડીશન અને પોપ્યુલેશન વિષે માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે આ પાંચેય દેશો સાથે કઇ કઇ કેટેગરીમાં કામ કરીએ છીએ તેના વિષે એક્ષ્પોર્ટરોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના એડવાઇઝર શ્રી દેવકિશન મંઘાણીએ સેમિનારનું સંચાલન કર્યું હતું. વકતાઓએ ઉદ્યોગ સાહસિકોના એક્ષ્પોર્ટ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.